# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તાઃ ૩/૭/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના પ્રયાસ થકી જીઆઇડીસી દ્વારા નોટિફાઇડ વિસ્તારમાં ઉદ્યોગકારો માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના બહાર પાડવામાં આવી

**સુરત :** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા નોટિફાઇડ વિસ્તારમાં ઉદ્યોગકારો માટે વિલંબીત ચૂકવણાના વ્યાજ ઉપર પચાસ ટકા (૫૦ %) વ્યાજ માફ કરવા વન ટાઇમ સેટલમેન્ટ (ઓટીએસ) યોજના અંગે પરીપત્ર બહાર પાડવામાં આવ્યુ છે.

આ અંગે ચેમ્બર દ્વારા ગત ૩૦ જૂન ૨૦૨૦ના રોજ જીઆઇડીસીના ચેરમેન તથા વીસી એન્ડ એમડીને રજૂઆત કરવામાં આવી હતી કે, નોટિફાઇડ વિસ્તારમાં જે ઉદ્યોગો આવેલા છે તેઓને વિલંબીત ચૂકવણીના વ્યાજ ઉપર ૫૦ ટકા જેટલી રાહત આપવામાં આવે. જીઆઇડીસી દ્વારા ચેમ્બરની આ માંગણીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ચેમ્બર રાજ્ય સરકાર તથા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન શ્રી બલવંતસિંહ રાજપુત અને વાઇસ ચેરમેન એન્ડ એમડી શ્રી એમ. થેન્નારાસનનો આભાર માને છે.

જીઆઇડીસી દ્વારા આ યોજના પરીપત્ર જારી કર્યા તારીખથી તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ યોજના હેઠળ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીની લહેણી રકમ જમા કરાવનાર મિલ્કતધારક/ફાળવણીદારને લહેણી રકમ અંગેના વિલંબીત ચૂકવણાના વ્યાજ ઉપર પચાસ ટકા (૫૦ %) વ્યાજ રાહત આપવામાં આવશે.